# સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની વિગત

- સરકારીશ્રીના ત્રિનેત્ર પ્રોજેક્ટ અંતર્ગત રહેણાંક સોસાયટીઓમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરાના કુલ રૂપિયાના મહત્તમ ૩૦ % લેખે (રૂ!. ૧,૫૦,૦૦૦) સબસીડી આપવામાં આવે છે.
- સુરક્ષા સેતુ રથનું સંચાલન

## વર્ષ – ૨૦૧૯

- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી ફેસબુક ટ્વીટર ઈન્સ્ટાગ્રામ વિગેરે પોલીસ સોશિયલ મીડીયા એકાઉન્ટ હેન્ડલ કરવાની કામગીરી.
- અમદાવાદ શહેર ખાતે લગાવવામાં આવેલ કુલ-૪૦૨ સીસીટીવી કેમેરાનું મેઈન્ટેનન્સની કામગીરી સારૂ.
- સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત પોલીસ કમિશ્નર અને તાબાની કચેરીઓ/શાખાઓ/પો.સ્ટે/પોલીસ લાઈન વિગેરે માટે ISO ૯૦૦૧, ૧૪૦૦૧ સર્ટીફીકેટ મેળવવા બાબતની કામગીરી.
- અમદાવાદ શહેર પોલીસ ટીમ એન.એસ.એલ ટી-૨૦ માં ભાગ લેવામાં આવેલ સ્પોનરશીપ.
- નિર્ભયા પ્રોજેક્ટ અંતર્ગત SHE ટીમ માટે જેકેટની ખરીદી કરવાની કામગીરી

## વર્ષ – ૨૦૨૦

- સ્ટુડન્ટ પોલીસ કેડેટ(SPC) અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ
- Vidyarthi Pariksha Shikshan Talim for SC / ST Student.
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ(SPC) અંતર્ગત SPC હેઠળની શાળાઓના સીનીયર તથા જુનીયર કેડેટસ ના વિદ્યાર્થીઓ માટે આર્ટીકલ્સ ખરીદી કરવા બાબતે.

- ૨૬ મી જાન્યુઆરી/૧૫ મી ઓગસ્ટ  ના દિવસે સાસ્કૃતિક કાર્યક્રમનું આયોજન મુખ્ય મથક ખાતે કરવામાં આવેલ જેમાં  SPC ના બાળકોને ચા/નાસ્તા તેમ્જ ટ્રેડીશનલ ડ્રેસની કામગીરી કરવામાં આવેલ છે.
- સાયબર ક્રાઈમની પ્રવૃતિ અટકાવવા સારૂ શહેરીજનોને બ્લ્ક મેસેજ મારફતે સાયબર અવેરનેસની કામગીરી.

# વર્ષ – ૨૦૨૧

સુરક્ષા સેતુ સોસાયટીની એકઝયુક્યુટીવી કમીટી દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ તા.૧૩/૧/૨૦૨૦ ના ઓફીસ ઓર્ડરથી સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ફ્ક્ત નીચે જણાવ્યા મુજબની કામગીરી કરવાની જણાવેલ છે

1. મહિલાઓને સ્વરક્ષણની તાલીમ, મહિલાઓને પડતી સમસ્યા બાબતે સેમીનાર, મહિલા કાઉન્સેલીંગ
2. બુટલેગર મહિલાઓના પુનઃવસન બાબત.
3. સ્ટુડન્ટ પોલીસ કેડેટ(SPC)
4. ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ (શહેરીજનો/વિદ્યાર્થીઓ)
5. વિદ્યાર્થીઓની પોલીસ સ્ટેશન મુલાકાત, કાઉન્સેલીંગ ફોર સ્ટુડન્ટસ
6. સુરક્ષા સેતુ રથ.

**ખર્ચની વિગત**

| અનુક્રમ નંબર | નાણાંકીય વર્ષ | ફાળવેલ અનુદાન | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| 1 | 2019-2020 | 14,178,000 | 20,087,739 |
| 2 | 2020-2021 | 9,000,000 | 9,532,904 |

# વર્ષ – ૨૦૨૨-૨૩

- સરકારીશ્રીના ત્રિનેત્ર પ્રોજેક્ટ અંતર્ગત રહેણાંક સોસાયટીઓમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરાના કુલ રૂપિયાના મહત્તમ ૩૦ % લેખે (રૂ!.

૧,૫૦,૦૦૦) સબસીડી આપવામાં આવે છે. જેમાં સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં રૂ.૪૨,૬૧,૩૭૯/- (તા.૩૧/૧૨/૨૦૨૨ ની સ્થિતિએ) ની સહાય ચુકવવામાં આવેલ છે.

- સુરક્ષા સેતુ રથનું સંચાલન મે.એજ્યુમીડીયા સર્વીસીસ પ્રા.લી. નાઓ દ્વારા કરવામાં આવે છે. તેમજ સુરક્ષા સેતુ રથ અમદાવાદ શહેર વિસ્તારના તાબાના અલગ-અલગ પો.સ્ટે વિસ્તારમાં ફેરવવામાં આવે છે.
- ૧૫ મી ઓગસ્ટ ના દિવસે પોલીસ મુખ્ય મથક, શાહીબાગ ખાતે એસ.પી.સી. ના બાળકોને પરેડ નિહાળવા આમંત્રિત કરવામાં આવેલ તેમજ તેઓ માટે ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવેલ.
- અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ વિગેરે પોલીસ સોશિયલ મીડીયા એકાઉન્ટ હેન્ડલ કરવાની કામગીરી.
- સ્ટુડન્ટ પોલીસ કેડેટ (SPC) યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ તથા ધોરણ-૮ તથા ૯ ના વિધ્યાર્થીઓને એસ.પી.સી. ની તાલીમ આપવામાં આવે છે.

**<u>ખર્ચની વિગત</u>**

| અનુક્રમ નંબર | નાણાંકીય વર્ષ | ફાળવેલ અનુદાન | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| 1 | 2021-2022 | 1,10,00,000 | 92,23,727 |
| 2 | 2022-2023 | 0 | 73,73,933 |

# <u>વર્ષ – ૨૦૨૩-૨૪</u>

સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ નીચે મુજબની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

- <u>મહિલાઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનીંગ</u>
- <u>બુટલેગર મહિલાઓનું પુર્નવસન</u>
- <u>સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોગ્રામ</u>

- પબ્લીક અને સ્ટુડન્સ માટે ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ
- બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત, બાળકોનું કાઉન્સીલીંગ
- સુરક્ષા સેતુ રથ
- પ્રજામાં સલામતીની ભાવના તથા જાગૃતિ પેદા કરવા માટે સાહિત્ય/સી.ડી./સદભાવના પોસ્ટર વગેરે પ્રદર્શિત કરવા
- ગુનાઓ બનતા અટકાવવા માટે બહોળી પ્રસિદ્ધ , પ્રચાર, પ્રસાર અને કેમ્પેઈનનું આયોજન કરવું.
- વિદ્યાર્થી/યુવાનોમાં ખાસ કરીને પરીક્ષા નજીક આવેલ હોય ત્યારે તેમના માં કોઈ હતાશા ન આવે તે માટે કાઉન્સેલિગનું આયોજન
- દરીયાઈ કાંઠાના વિસ્તારો માટે ફિશરમેન અવેરનેસ પ્રોગ્રામનો અમલ કરવો.
- બળાત્કાર, ઘરેલુ હિંસા તથા આત્મહત્યાના બનાવો રોકવા પિડિત મહિલાઓને એન.જી.ઓ, મનોચિકિત્સક્ની મદદથી જરૂર જણાય ત્યા કાઉન્સીલીંગની સેવાઓ પુરી પાડવી.
- જાહેર જનતા અને પોલીસ વચ્ચે સૌહાદપુર્ણ સંબંધોના વિકાસ માટે રમત ગમતનું આયોજન કરવુ અને પ્રતિ ઈવેન્ટ દીઠ રૂ.૫૦૦૦/-ની મર્યાદામાં ખર્ચ કરવો.
- કુરિવાજો, અંધશ્રધ્ધા દુર કરવા જન જાગૃતિના કાર્યક્રમો કરવા (રૂ. ૨૫૦૦/-ની મર્યાદામાં)
- રક્તદાન કેમ્પનું આયોજન કરવું. (રૂ.૫૦૦૦/- ની મર્યાદામાં)
- પ્રજાની સલામતી અને સુરક્ષા માટે પ્રજા અને પોલીસ વચ્ચેના માધ્યમો તરીકે ભાગ લેવો.
- કોમ્યુનિટી પોલીસીંગની કામગીરી કરવી

❖ <u>સિવિલ ડીફેન્સ સંબંધિત પ્રવૃતિઓ યોજવી.</u>

❖ <u>સીનીયર સીટીઝનની સલામતી અને સુરક્ષા વધારવા માટેના જાગૃતિ કાર્યક્રમો યોજવા</u>

❖ <u>નાર્કોટીક્સને લગતા ગુનાઓ ઘટાડવાની બાબતો</u>

❖ <u>બાળકો સંબંધિત બાળ વિકાસ અને બાળ અપરાધ અટકાવ પર કાર્યો કરવા.</u>

❖ <u>ક્ષમતા નિર્માણ અંગેના કાર્યો કરવા</u>

❖ <u>રહેણાંક સોસાયટીઓની સલામતી માટેના કાર્યક્રમો કરવા</u>

❖ <u>ઉપર સિવાયની અન્ય કોઇ પ્રવૃતિઓ જેવી કે, બંધારણીય હકો અંગે પ્રજામાં જાગૃતતા લાવવા, મહિલા સશક્તિકરણ પર કાર્યો કરવા.</u>

➢ સરકારીશ્રીના ત્રિનેત્ર પ્રોજેક્ટ અંતર્ગત રહેણાંક સોસાયટીઓમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરાના કુલ રૂપિયાના મહત્તમ 30% તથા ૫0% લેખે (રૂ!. ૧,૫0,000/- અને રૂ.૨,00,000/-) સબસીડી આપવામાં આવે છે. જેમાં સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં રૂ.૯૦,૭૨,૬૬૭/- ની સહાય ચુકવવામાં આવેલ છે.

➢ સ્ટુડન્ટ પોલીસ કેડેટ (SPC) અંતર્ગત અમદાવાદ શહેર ખાતે સને ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ-૧૮૯૧ વિદ્યાર્થીઓને મહિલા સ્વરક્ષણ તાલીમ આપવા અંગેની કામગીરી મે.કા-કુડો મીક્ષ માર્શલ આર્ટ એશોશિયેશન દ્વારા આપવામાં આવેલ.

➢ તા.૨૪/0૪/૨0૨૪ થી તા.0૨/0૫/૨0૨૪ દરમિયાન એસ.પી.સી.ના બાળકોનો તથા પો.સ્ટે ના ડી.આઈ અને સી.પી.ઓ નાઓનો સમર કેમ્પનું આયોજન એસ.એ.જી. સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, નિકોલ, અમદાવાદ ખાતે કરવામાં આવેલ. જેમાં બાળકોને વિવિધ એક્ટીવીટી કરાવવામાં આવેલ અને ચા-નાસ્તો તેમજ જમવાનું આપવામાં આવેલ હતુ.

- અમદાવાદ શહેર ખાતે CPR ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન તા.૧૧/૦૬/૨૦૨૩ ના કુલ-૧૦ લોકેશન સેન્ટર ઉપર કરવામાં આવેલ. જે કામગીરી સારૂ પોલીસ મહાનિરીક્ષકશ્રી, એસ.ટી.બી., ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓના તા.૦૩/૦૫/૨૦૨૩ ના પત્રથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મુખ્ય મથક, અમદાવાદ શહેરનાઓની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવેલ. તેમજ તે અંગે થનાર ખર્ચ સભ્ય સચિવ અને પોલીસ મહાનિદેશકશ્રી, સુરક્ષા સેતુ સોસાયટી (ગુજરાત રાજ્ય), ગાંધીનગર નાઓના તા.૦૫/૦૬/૨૦૨૩ ના પત્રમાં જણાવ્યા મુજબ "સુરક્ષા સેતુ સોસાયટી" માંથી કરવા મંજુરી આપવામાં આવેલ. જેનો રૂ.૭,૨૭,૭૭૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

# <u>વર્ષ – ૨૦૨૪-૨૫</u>

સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ નીચે મુજબની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

- <u>મહિલાઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનીંગ</u>
- <u>બુટલેગર મહિલાઓનું પુર્નવસન</u>
- <u>સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોગ્રામ</u>
- <u>પબ્લીક અને સ્ટુડન્સ માટે ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ</u>
- <u>બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત, બાળકોનું કાઉન્સીલીંગ</u>
- <u>સુરક્ષા સેતુ રથ</u>
- <u>પ્રજામાં સલામતીની ભાવના તથા જાગૃતિ પેદા કરવા માટે સાહિત્ય/સી.ડી./સદભાવના પોસ્ટર વગેરે પ્રદર્શિત કરવા</u>
- <u>ગુનાઓ બનતા અટકાવવા માટે બહોળી પ્રસિદ્ધ , પ્રચાર, પ્રસાર અને કેમ્પેઈનનું આયોજન કરવું.</u>
- <u>વિદ્યાર્થી/યુવાનોમાં ખાસ કરીને પરીક્ષા નજીક આવેલ હોય ત્યારે તેમના માં કોઈ હતાશા ન આવે તે માટે કાઉન્સેલિગનું આયોજન</u>
- <u>દરીયાઈ કાંઠાના વિસ્તારો માટે ફિશરમેન અવેરનેસ પ્રોગ્રામનો અમલ કરવો.</u>

- બળાત્કાર, ઘરેલુ હિંસા તથા આત્મહત્યાના બનાવો રોકવા પિડિત મહિલાઓને એન.જી.ઓ, મનોચિકિત્સક્ની મદદથી જરૂર જણાય ત્યા કાઉન્સીલીંગની સેવાઓ પુરી પાડવી.
- જાહેર જનતા અને પોલીસ વચ્ચે સૌહાદપુર્ણ સંબંધોના વિકાસ માટે રમત ગમતનું આયોજન કરવુ અને પ્રતિ ઈવેન્ટ દીઠ રૂ.૫૦૦૦/-ની મર્યાદામાં ખર્ચ કરવો.
- કુરિવાજો, અંધશ્રધ્ધા દુર કરવા જન જાગૃતિના કાર્યક્રમો કરવા (રૂ. ૨૫૦૦/-ની મર્યાદામાં)
- રક્તદાન કેમ્પનું આયોજન કરવું. (રૂ.૫૦૦૦/- ની મર્યાદામાં)
- પ્રજાની સલામતી અને સુરક્ષા માટે પ્રજા અને પોલીસ વચ્ચેના માધ્યમો તરીકે ભાગ લેવો.
- કોમ્યુનિટી પોલીસીંગની કામગીરી કરવી
- સિવિલ ડીફેન્સ સંબંધિત પ્રવૃતિઓ યોજવી.
- સીનીયર સીટીઝનની સલામતી અને સુરક્ષા વધારવા માટેના જાગૃતિ કાર્યક્રમો યોજવા
- નાર્કોટીક્સને લગતા ગુનાઓ ઘટાડવાની બાબતો
- બાળકો સંબંધિત બાળ વિકાસ અને બાળ અપરાધ અટકાવ પર કાર્યો કરવા.
- ક્ષમતા નિર્માણ અંગેના કાર્યો કરવા
- રહેણાંક સોસાયટીઓની સલામતી માટેના કાર્યક્રમો કરવા
- ઉપર સિવાયની અન્ય કોઇ પ્રવૃતિઓ જેવી કે, બંધારણીય હકો અંગે પ્રજામાં જાગૃતતા લાવવા, મહિલા સશક્તિકરણ પર કાર્યો કરવા.

- સરકારીશ્રીના ત્રિનેત્ર પ્રોજેક્ટ અંતર્ગત રહેણાંક સોસાયટીઓમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરાના કુલ રૂપિયાના મહત્તમ ૩૦% તથા ૫૦% લેખે (રૂ!. ૧,૫૦,૦૦૦/- અને રૂ.૨,૦૦,૦૦૦/-) સબસીડી આપવામાં આવે છે. જેમાં સને ૨૦૨૪-૨૫ ના વર્ષમાં **રૂ.૭૨,૧૫,૧૫૮/-** ની સહાય ચુકવવામાં આવેલ છે.

- વર્ષ-૨૦૨૪-૨૫મા અમદાવાદ શહેરના ૪૨ પો.સ્ટે. વિસ્તારની ૪૨ શાળાઓમા ૧૮૪૮ સિનિયર અને ૪૫ પો.સ્ટે. વિસ્તારની ૪૫ શાળાઓમા ૨૦૨૪ જુનિયર કેડેટ મળી કુલ-૩૮૭૨ એસ.પી.સી. કેડેટની પસંદગી કરી મે.કા-કુડો મીક્ષ માર્શલ આર્ટ એશોશિયેશન અને આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલા સ્વરક્ષણ તાલીમ આપવામાં આવેલ.
- તા:૨૧, ૨૨, ૨૩/૦૯/૨૪ના રોજ ૩ દિવસીય બિન નિવાસી કેમ્પોનુ શાળા ખાતે આયોજન કરવામા આવેલ. જેમા રાજ્ય કક્ષા દ્વારા આપવામા આવેલ ટાઇમ ટેબલ મુજબ વિવિધ પ્રવુતીઓ કરાવેલ.
- તા:૨૦/૧૧/૨૪ના રોજ જુનિયર ૧૮૦ કેડેટ અને ૫૦ જેટલા ડી.આઇ., સી.પી.ઓ.ને તથા ૨૩/૧૨/૨૪ના રોજ સિનિયર ૧૮૦ કેડેટ અને ૫૦ જેટલા ડી.આઇ., સી.પી.ઓ.ને ઇન્સ્ટરનેશનલ સંસ્થા યુનિસેફના માસ્ટર ટ્રેનર કાર્યક્રમમા હાજર રખાવેલ.
- તા:૦૪/૧૨/૨૪ થી ૧૯/૦૩/૨૫ સુધી ૩૮૭૨ એસ.પી.સી. કેડેટને સાયન્સ સીટીની મુલાકાત કરાવેલ.